આપણી માતાની શ્રેષ્ઠ યાદગીરી, આપણે પોતે જ...

બા
એ રીતે ગૂંથાઈ શ્વાસોની
કડીમાં બા,
હું સતત ખ્હેરી શકું છું
ચામડીમાં બા.
એ જ અચરજ, હોય છે ક્યાં
ચાખડીમાં બા?
ખૂબ અથડાઈ છે બાધા -
આખડીમાં બા.
બાની પૂંજી બાપુજી સમજી
શક્યો છું, પણ,
હું કદી જોઈ શક્યો ના
ચૂંદડીમાં બા.
એ પછી એકેય અક્ષર ક્યાં
લખાયો છે?
મેં જરા શીખી લીધી
બારાખડીમાં બા.
ઘાટ આ મારો ઘડાયો એ જ
કારણથી,
રોજ વ્હેરાયાં કરી છે શારડીમાં
બા.
-અશોક ચાવડા 'બેદિલ'.

ગુજરાતી ગઝલને જો જુદા-જુદા સમયગાળા પ્રમાણે વહેંચવામાં આવે તો આજની ગુજરાતી ગઝલ એ અનુઆધુનિક સમયગાળાની ગઝલ છે. પરંપરાની ગઝલમાં જામ, સાકી, સૂરા, ગુલ, બુલબુલ એવા બધા શબ્દો જોવા મળે છે. આધુનિક સમયગાળાની ગઝલોમાં શકયતા, શૂન્યતા, મૌન, સ્પર્શ, ઝાંઝવા, ટેરવા વગેરે જોવા મળે છે. અનુઆધુનિક

શબ્દ સૂરને મેળે
-રાજેશ વ્યાસ 'મિસ્કીન

સમયના ગઝલકારોએ પ્રત્યેક સમયગાળામાંથી જે સારુ હતું તેને સ્વીકારીને ગઝલને આત્મસાત્ કરી છે. અનુઆધુનિક સમયગાળામાં સર્જકતાની દ્રષ્ટિએ સક્રિય એવા મિસ્કીન, મિનાશ્રુ, ભરત વિંઝુડા વગેરે નામ ગણી શકાય. સતત સાતત્યપૂર્ણ ગઝલો રચી શકયા હોય, જેની સર્જકતા ક્યાંય ફંટાઈ ગઈ ના હોય કે સર્જકતા ઓસરી ન જાય એ સર્જક એ સમયગાળાની પ્રથમ હરોળનું નામ બને છે. આજે તો ગઝલ એટલે જ કવિતા એ હદે ગઝલ ગુજરાતી કવિતાના મુખ્ય પ્રવાહમાં ભળી ગઈ છે. આ પેઢીના હાલના આશાસ્પદ ગઝલકારોમાં અશોક ચાવડાનું કામ અને નામ નોંધપાત્ર છે. આજના સમયગાળામાં લખાતી ગઝલોમાં મા, દીકરી, કુટુંબ જીવન, જાત સાથેના સંવાદો ગઝલનો વિષય બનીને જ નહીં ચોટદાર શેર બનીને પણ આવે છે. અશોક ચાવડાની ગઝલોમાં મા અને કુટુંબ જીવનને લગતા ઘણાં શેર જોવા મળે છે.

ઘરમાં ઘણી તકલીફ છે પણ માનું મન અજબ,
ખર્ચી શકે ના પુત્રના પ્હેલા પગારને.

પ્રત્યેક શેરને તેનું સ્વતંત્ર ભાવવિશ્વ હોય છે. ઘરની તકલીફો કરતાં પુત્રની મહેનતના પહેલા પગારનું મૂલ્ય કેટલું મોટું માને હશે! દીકરાને નોકરી લાગી છે, પહેલો પગાર આવ્યો છે, પહેલો પગાર પુત્રએ માને આપ્યો હશે, માએ તે સાચવીને ભગવાનની દેરી પાસે કે કબાટમાં મૂક્યો હશે. એ પગાર જોઈને માનું મન કેવું હરખાયું હશે! આંખમાં કેવા હરખના આંસુ આવી ગયા હશે. પગાર જો વાપરી નાંખે, પગારનો જો ઉપયોગ કરી લેવામાં આવે તો ઘરની તકલીફ ઘણી ઓછી થઈ જાય. એક તરફ ઘરની પુષ્કળ તકલીફો, બીજી તરફ દીકરાની પુષ્કળ મહેનત દીકરાના પરસેવાની કમાણી. મા એ પહેલો પગાર વાપરી નથી શકતી. એના દિલ ઉપર કેવી વીતી હશે? બે મિસરા વચ્ચે અશોક ચાવડા આવી કમાલ અનેકવાર કરે છે.

કોઈ અનાથ બાળકના હાથની ભાગ્યરેખાઓ જો કવિ વાંચે તો તેમાં શું વાંચે? તેમાં એક જ શબ્દ લખેલો વંચાય 'મા.'

ફક્ત 'મા'નું જ નામ વંચાયું,
મેં ઉકેલી અનાથની રેખા.

અનાથ બાળક વિશેનો આવો જ એક સુંદર શેર અશોકનો જોઈએ.

રમકડાં જેમ તૂટી જાઉં છું એકેક અંગેથી,
રઝળતું જોઉં છું રસ્તા ઉપર જ્યાં બાળપણ કોઈ.

ગઝલ 'બા' ઉપર છે. આપણને આપણા માતા-પિતાનું સ્મરણ આપણા શ્વાસો સાથે જોડાયેલું હોય છે. અને એટલે જ કવિ કહે છે કે મારા પ્રત્યેક શ્વાસની કડી છે એ પ્રત્યેક કડીમાં બા ગૂંથાયેલી છે. મેં જે આ ચામડી પહેરી છે એ ચામડીની બ્હાર-અંદર બધે જ બા છે. મારા અંગત જીવનનો એક પ્રસંગ યાદ આવે છે. મારી માતાના મૃત્યુ પછી ઘરમાં તેમની યાદગીરી સાચવવા માટે શું કરવું જોઈએ તે થોડાંક મિત્રો સૂચવી રહ્યા હતા, અચાનક બોલી જવાયું. મારી માતાની યાદગીરી હું પોતે જ છું લોહીમાંથી લોહી, માંસમાંથી માંસ, પ્રાણમાંથી પ્રાણ મને આપ્યો છે આપણે સૌ આપણા માતા-પિતાની શ્રેષ્ઠ યાદગીરી છીએ.

માતાએ ક્યારેય ચંપલ પહેર્યા હશે કે નહીં? કવિને વિચાર આવે છે કે બાને ક્યારેય ચાખડી પહેરેલી મેં જોઈ જ નથી. એક અર્થ છે ચાખડી શબ્દ પ્રાસ નિભાવવા માટે મૂકયો હોય પણ બીજો અર્થ મને વધારે ગમે છે બા એટલી પવિત્ર હતી કે હજુ તેણે પગમાં ચાખડી કેમ નથી પહેરી એ જ આશ્ચર્ય છે. સંત અને સાધુ ચાખડી પહેરતા હોય છે. પણ કવિ પછીના બીજા મિસરામાં વાત કરે છે કે બા તો જીંદગીભર બાધા અને આખડીઓમાં જ અથડાતી રહી. ઉઘાડા પગે કેટલા મંદિર અને તીર્થોમાં ગઈ હશે? કેટલી જાત્રાઓ કરી હશે? મા ક્યારેય પોતાના માટે જીવતી નથી પોતાના બાળકો અને કુટુંબ માટે જ જીવે છે.

બાની ખરી સંપત્તિ બાનું સર્વસ્વ બાપુજી હતા પણ.... આમ કહીને કવિએ તરત બીજી વાત કરી દીધી છે. બાપુજી માટે ય પણ બા સર્વસ્વ જ છે પરંતુ હું બાને ક્યારેય ચૂંદડીમાં જોઈ નથી શક્યો. બા સુંદર ચૂંદડી ઓઢે એ દિવસો ગરીબીમાં કદી આવ્યા જ નહીં. બા અને બાપુજી જ એકબીજાની સંપત્તિ બનીને રહ્યા.

આપણે ઘણું બધું બોલતા હોઈએ છીએ પણ બોલાયેલા શબ્દોનો જો અર્થ જાણતા હોઈએ તો કે પછી એ શબ્દને બરોબર ઘૂંટી લીધો હોય તો વાણી વિલાસ અટકી જાય. અર્થ અને ભાવના વિશ્વમાં પ્રવેશ થઈ જાય છે. કક્કો બારાખડી તો આપણને બોલતા આવડે છે પણ એકવાર જયાં 'બા' શબ્દ લખતા આવડી ગયો પછી બીજા કોઈ અક્ષર ઘૂંટવા ગમતા નથી. 'મા' એ પૃથ્વી ઉપરનું સર્વોત્તમ તીર્થ છે. મા સતત શારડીમાં વહેરાયા કરતી હોય છે અને પુત્રને ઘડતી હોય છે.

પણ હવે વતન જઈનેય શું કરવું? વતનમાં મા - બાપ - ભાઈ કોઈ નથી રહ્યું. હવે વતનને યાદે પણ નથી કરવું એવું પણ અશોકે એક શેરમાં કહ્યું છે.

મને ન યાદ અપાવો હવે વતનની પણ,
હવે ત્યાં બાપ નથી, મા નથી, નથી ભાઈ.

માની યાદ હૃદયમાં ઘૂંટાતી હોય ત્યારે કેવી સ્થિતિ હોય છે? શહેરમાં આવ્યા પછી બા મા થઈ ગઈ છે. અશોકની જ મા ઉપરની ગઝલ જોઈએ.

મા
થઈ અજાણી શહેરમાં આવ્યા
પછીથી મા,
આઠ આનાની ચબરખીમાં જ
મળતી મા.
હાથને ચૂમી ભર્યાનો થઈ ગયો
અનુભવ,
સાવ કોરી પાટીમાં જ્યાં સ્હેજ
ઘૂંટી મા.
શ્વાસ મારા એમ કેં અમથા
વધ્યા છે ક્યાં?
રોજ ખરચાતી રહી છે થોડી
થોડી મા!
આ વખતે વરસો પછી હું જઈ
રહ્યો છું ગામ,
આ વખત થાકી જવાનો હુંય
શોધી મા.
આજ હું 'બે દિલ' રડ્યો ત્યારે
થઈ છે જાણ,
ખૂબ ભીંજાતી હતી મારામાં કોરી
મા.

આજીવન નાની રહેવા જન્મે તે દીકરી....!

જન્મે ત્યારે આપણી હથેળીઓમાં સમાઈ જતી દીકરીઓની હથેળીઓમાં આપણને હળવાફૂલ કરવાની તાકાત છે. નરી આંખે આપણે જે નથી જોઈ શક્તા એ બધું જ એને સગ્ગી આંખે દેખાય છે! પતંગિયા એની પડપૂછ કરે છે. હવામાં હાથ ફેરવીને એ પારદર્શકતાને લૂછ લૂછ કરે છે. એને ભૂખ લાગે છે ત્યારે એ આપણને જમવાનું કહે છે! એને એટલી જ ખબર છે કે ભુખ લાગે ત્યારે પપ્પા જમી લે તો પેટ ભરાઈ જાય! દીકરીને કેમ સમજાવી શકાય કે ભુખ પારકાથી ક્યારેય સંતોષાતી નથી. પપ્પા ગમ્મે તેટલા અંગત હોય પણ ભુખ આગળ સ્વનિર્ભર પેટ જ ભરવું પડે છે! એની આંખોમાં દુનિયાનું બધું જ 'આજેજ' જોઇ લેવાની ઊત્સુકતા છે. એની પગલીઓમાં થનગનાટ એવો છે કે ઘરના ફર્નિચરને રફેદફે થવાની મઝા પડે છે. વાંકડિયા વાળમાં માંડ માંડ રબર ભરાવીને એંટેના જેવી ચોટલી માથામાં ઊભી રહે છે ત્યારે એ વિરાટ ચેતનાના અંશને ઝીલતું એડપ્ટર બની જાય છે! એ જવાબો આપવા માટે પ્રશ્નો પૂછે છે! ઉંમર વધતી હોવા છતાં જે આજીવન નાની રહેવા જ જન્મી છે તે દીકરી છે...

એ આપણને સમજાવી દેતી હોય છે. એને ઊંઘાડવી એ એક મીશન છે. એ પહેલાં એ આપણા માથે હાથ ફેરવીને આપણને ઊંઘાડી દેતી હોય છે. એને કશું જ વાગતું નથી, આપણે એને ફૂંક મારીએ માટે એ આપણને ખોટું ખોટું વાગવાની વારતા કહે છે. એને ગુંદરથી ડાળી પર પાંદડાં ફરીથી ચોંટાડવા છે. પાનખર એના રસનો અને જીવનનો વિષય જ નથી! મગરની પીઠ પર બેસીને પાણીમાં જતાં વાંદરાની વારતા એને પણ ગમે છે. પરંતુ એ તો વાતોની પીઠ પર નવી વારતા બનાવીને આપણને વાણીમાં વહેતા મૂકી

દીકરીના દરેક બાપે ધ્યાનમાં રાખવા જેવી વાત કહું? એ લોકોએ હીલસ્ટેશન પર જવાની જરૂર નથી. દીકરી એમની ખુશનુમા વાતાવરણની ખુશ કિસ્મત ક્ષણ છે. એની જોડે થતો સત્સંગ દિવાલો વગરના મંદિરનો ઘંટારવ છે.

દે છે. સૂરજનો પીંડ બનાવ્યા પછી વધેલું અજવાળું ઈશ્વર દીકરી સ્વરૂપે ઘરમાં હરતું ફરતું મૂકી દે છે. ઘરમાં અજવાળાનું નગર એટલે દીકરી!

દીકરીના લહેકાની ભીનાશ આપણા એકલા વિતેલા દિવસની જુગલબંધી છે. આપણું ધ્યાન રાખવાની એની તરકીબ જુદી છે. આપણે કપડા બદલતાં હોઈએ ત્યારે એ આંગણામાં ચંપલ પહેરીને આપણને ગાડીમાં આંટો મરાવવા માટે રાહ જોતી હોય છે. દીકરાનું બાળપણ ધીંગામસ્તી છે. દીકરીનું બાળપણ શાંત તોફાનની વસ્તી છે. દીકરાને મોટા થવાની ઉતાવળ હોય છે. દીકરીને 'મોટા થવું' એટલે શું એની ખબર હોવા છતાં એ નાની વધારે નાની રહેવાનો ઉપક્રમ ઘડતી હોય છે. એના નખ કાપવાની વેળાએ એ એની નાનકડી ઢીંગલીને આગળ કરે છે. આપણે પહેલા ઢીંગલીના નખ કાપવા પડે છે. દીકરી એ અવસ્થાને એકાગ્રચિત્તે જોવે છે અને પછી એના નખ કાપવા જ દેતી નથી...!

દરેક બાળકને ઊંઘતી વખતે કોઈકને કોઈક ટેવ હોય છે. કોઇકને બાળપણથી સાથે લઇને ઊંઘતું બ્લેકેટ જ જોઈએ! કોઈકને મમ્મીના પેટ પર પગ મૂકીને ઊંઘવા જોઈએ. કોઇકને આંગળી પકડીને કે હાથની રૂંવાટી પંપાળતા ઊંઘવાની આદત હોય છે. દીકરીને કાન પકડીન ઊંઘવાની આદત છે. પપ્પાનો કાન પકડીને ઊંઘતી દીકરીથી પપ્પા ખુશ એટલા માટે થાય છે કે એના પપ્પાનો 'કાન' એની દીકરી પકડે છે અને કાન રોજ કાનજી બની જાય છે. પહેલી આંગળીએ પહેરેલી ગુરુની વીંટીએ દિવસમાં એકવાર તો પકડે જ છે. એવું લાગે છે કે એ ગુરુની વીંટીને ચાર્જ કરી આપે છે. દીકરીના દરેક બાપે ધ્યાનમાં રાખવા જેવી વાત કહું? એ લોકોએ હીલસ્ટેશન પર જવાની જરૂર નથી. દીકરી એમની ખુશનુમા વાતાવરણની ખુશ કિસ્મત ક્ષણ છે. એની જોડે થતો સત્સંગ દિવાલો વગરના મંદિરનો ઘંટારવ છે.

બાળકનું સત્ય કુદરતના સીધા સત્ય માંથી પ્રગટેલું તથ્ય છે. એને તર્ક સાથે લેવા દેવા નથી પણ પ્રશ્નો પૂછવામાં ઉપસતા તર્કમાંથી એ પોતાનો અનુભવ શોધતો થઈ જાય છે. એને મમ્મી-પપ્પાની ઓળખ હોય છે, સંવંધોની ઓળખાણ હોય છે પણ દરેક સંબંધમાં સરખું જ જીવવું જોઈએ એની સમજણ એને આપો આપ કેળવાય છે. આવી સમજણ એનામાં હોય છે ત્યાં સુધી એનું બાળપણ અકબંધ છે. પછી એ પણ દુનિયામાં ઉછરેલો એક સંબંધ છે. દીકરી ઊઠે છે ત્યારે એની આંખોમાં મિરાંત છે, ઊંઘે છે ત્યારે આંખોમાં નિરાંત છે. એને મળીએ છીએ ત્યારે સુખ, દુઃખ, વેદના, સંવેદના આ બધાથી બનેલું જીવન એક જ કક્ષા પર જીવાય છે અને એનું નામ છે, દિલ્લગી! એ બીજા બાળકો જેવી જ છે. સામાન્ય રહેવાનો વારંવાર પ્રયત્ન કરતી હોય છે પણ અસામાન્ય બનીને ઘરની દિવાલોને અને આપણામાં ભવિષ્ય માટે વાપરવાના સેફ-ડીપોઝીટ વોલ્ટમાં મૂકેલા વ્હાલને એ લલચાવે છે. દીકરી નાની હોય છે ત્યારે બાપ પૈસાદાર નથી હોતો! પૈસાની ધાર કાઢીને જીવતો હોય છે. દીકરી જેમ જેમ મોટી થાય છે એમ એમ બાપ નાનો થતો જાય છે. બાળપણનું ટ્રાન્સપ્લાન્ટ એક જ વ્યક્તિ કરી શકે છે, કરાવી શકે છે અને એ આપણી દીકરી હોય છે. એની આગળ તમે કશું જ છુપાવી નથી શક્તાં એની આગળ બધું જ અજવાળાની જેમ પ્રગટતું અને સુગંધની જેમ સર્જાતું જતું હોય છે. દીકરી જલસાની જમાદાર છે. જલસાને નેવે મૂકીને જીવવા જીવાડવાનું એણે કોઈને સોંપ્યું નથી. એ રડે છે ત્યારે આંસુ ઝાકળનો લીટમસ ટેસ્ટ કરે છે. રૂદનનું

ઓફબીટ
- અંકિત ત્રિવેદી

એવરેસ્ટ સર્જે છે. અને થોડીક જ સેંકડોમાં હાસ્યનું માનસરોવર પ્રગટે છે. હસવા અને રડવા વચ્ચેની ક્ષણને સરહદો વગર માણસ પણ નથી જીવાડી શક્તો! બાળપણ પાસે અકબંધ રહેલો આ જાદુ આપણને આવડી જાય તો? બાળપણ પછી પણ ભોળપણને શાશ્વત રાખે તે દીકરી! દીકરી નાની હોય છે ત્યારે બાપ જલદી ઘરે આવતો હોય છે. જલદી ઘરે આવવાનું કોને ના ગમે? એના માટે દીકરીઓને નાની રાખવી ખુબ જરૂરી છે, ઈશ્વર!

ઓન ધ બીટ્સ
જોતજોતામાં જ મોટા થાય છે
પડછાયાને મારા કપડાં આવશે?

વસ્ત્રપરિધાનની સૂઝ વ્યક્તિત્વમાં વધારો કરે છે

એક નૂર આદમી, હજાર નૂર કપડાં!

કપડાંનો મહિમા છે અને આ મહિમા ખૂબ ગવાયો ને વગોવાયો પણ છે. એક જાણીતા સુભાષિતના ભાવાનુવાદમાં કપડાનો મહિમા ગાતાં કહેવાયું છે કે સમદ્ર મંથન સમયે નીકળેલાં લક્ષ્મીજી પીતાંબરધારી વિષ્ણુજી પામ્યા અને હળાહળ વિષ ચર્મધારી શિવજીને મળ્યું. અલબત્ત, અહીં અન્ય સંદર્ભોને ટાળીને સુભાષિતકારે માત્ર વસ્ત્રોનો મહિમા કરવા ધાર્યું છે. પીતાંબર ધારી અને ચર્મધારી વચ્ચેની પસંદગી પાછળ આ જ એક આશય છે. પણ, વાત રસપ્રદ છે. વસ્ત્રોનો મહિમા તો છે જ. વસ્ત્રોનો પ્રભાવ છે જ. આપણે સહુએ જાણીએ છીએ, માનીએ છીએ અને એનો અનુભવ પણ કરીએ જ છીએ.

એટલે જ આપણે સહુ પ્રસંગોચિત

એક બે ને સાડાત્રણ
-તુષાર શુક્લ

વેશભૂષા ધરીએ છીએ. આપણી આર્થિક સ્થિત ભલે ને ગમે તે કેમ ન હોય, આપણે આ ભેદ સાચવીએ જ છીએ. રોજીંદા વ્યવહારમાં એક-બે જોડ કપડાંથી કામ ચલાવનારા પણ શુભપ્રસંગ માટેની એકાદ જોડ સાચવીને રાખે છે. આ જોડનું એમને મન મહત્ત્વ છે. એની સાચવણી વિશેષ છે. એમાં અત્તરની નહિ તો ડામરની ગોળીની ગંધ હોય છે. પણ હેતુ એને જીવડાં આદિથી સાચવવાનો જ હોય છે, કે જેથી પ્રસંગે પહેરાય. તદ્દન ગરીબ વ્યક્તિને પણ પોતાનો આવો 'વૈભવ' હોય છે. અહીં સહુની સ્થિતિ સરખી છે એટલે સરખામણીની પીડા નથી. એકના એક સારાં વસ્ત્રો દરેક શુભ પ્રસંગે પહેરવામાં નાનમ નથી. સહુ એકમેક પાસેના આ વૈભવથી પરિચિત છે. અહીં બહુ ફોટા પડાતા જ નથી, આમ છતાં એકના એક વસ્ત્રોમાં અનેકના લગ્નોમાં મ્હાલ્વામાં કોઈ સંકોચ નથી. વાસ્તવિક્તાનો સ્વીકાર છે, અને છતાં પ્રસંગે મ્હાલવાનો ઉત્સાહ પણ છે.

મધ્યમ વર્ગીય પરિવારો પાસે પણ શુભ પ્રસંગે પહેરવાનાં વસ્ત્રોના બહુ વિકલ્પો ભલે ન હોય, પણ આવાં વસ્ત્રોને અલાયદા સાચવી રખાય છે. પતરાની બેગમાં, પટારા કે ટ્રંકમાં કે લોખંડની તિજોરીમાં એ વર્ષોવર્ષ સચવાય છે. ક્યારેક તો પહેરનારનું માપ બદલાય તો પણ આ વસ્ત્રો એનું સ્થાન જાળવી રાખે છે. પોતાના લગ્નમાં પણ મુશ્કેલીએ સીવડાવેલા કોટ-પાટલૂન પછી વર્ષોવર્ષ પહેરાય છે. થોડુંક સીલાઈકામ થાય છે. ખોલાય કે ટાઈટ કરાય છે. પણ પહેરાય છે. પછી એને સાચવી રખાય છે, જે પરિવારમાં જ મોટા થયેલા બાળકને કામ લાગે છે. બાળકો બદલાયેલી ફેશનનો હવાલો આપે છે તો પણ આ જ વસ્ત્રો પહેરાવાય છે. પહેરવા પડે છે. ક્યારેક રીફીટ કરાવી લેવા જેટલી

છૂટછાટ પણ અપાય છે. પોતાના લગ્ન સમયના સૂટમાં સજ્જ પુરુષો તે પછીનાં વર્ષોમાં લગ્ન સમારંભોમાં ભારે આત્મવિશ્વાસથી ફરતા જોવા મળે છે. બહેનોને આવા સમાધાનમાં રાહત છે. સાડી યથાવત પહેરી શકાય છે. અન્ય વસ્ત્રોમાં સ્ત્રીની પોતાની 'બખિયા મારવાની' કળા કામ લાગે છે. અહીં પણ, પ્રસંગે ઉપસ્થિતિ સહુ એક જ માર્ગ પ્રવાસી છે એટલે કોઈ કોઈની નિંદા નથી કરતું. દરેકને વાસ્તવની જાણ છે અને સ્વીકાર છે. આમ છતાં, પ્રસંગે નવાં કપડાં પહેરવાનો ઉલ્લાસ અપાય છે. સાઈઝ કરતાં અનેકગણા મોટા કપડામાં રમતાં સાવ નાનાં બાળકોને આ અંગે કશું પૂછાતું નથી. કિશોર વયના છોકરા-છોકરીઓને અણગમતા સમાધાન કરવા પડે છે. કારણ કે બદલાયેલી ફેશનને જાણે છે. પણ આર્થિક કારણોની પક્કડ મજબૂત છે. યુવાનો એમાંથી સમાધાન શોધી લે છે ને ફેશનેબલ પણ સસ્તા પર પસંદગી ઉતારે છે. અહીં બ્રાન્ડ નેઇમના ધખારા નથી. અને ડુપ્લેકેટ સામે કોઈ નારાજગીય નથી. પણ, પ્રસંગને અનુરૂપ કપડાં પહેરવાનું સૌને ગમે જ છે.

અતિ ધનાઢ્ય વર્ગમાં શુભ પ્રસંગે પહેરાતાં વસ્ત્રો વિષે વિશિષ્ટ ધારા ધોરણ પ્રવર્તે છે. અહીં નામનો મહિમા દામ વધારે તોય એ ચૂકવવાની તૈયારી છે. અલબત્ત, એ પછીય સ્પર્ધા અને ઈર્ષ્યા અને નિંદા યથાવત રહે છે. કારણ કે આ સ્તરમાં અનેકવિકલ્પો ઉપલબ્ધ છે. એટલે જે પહેરાય એ ઓછું જ લાગે છે. અહીં આ પ્રસંગે ઉપસ્થિત રહેનારાનું સ્તર પણ એવું જ છે. જેથી પુનરાવર્તન તો અક્ષમ્ય અને અસહ્ય છે. ગરીબવર્ગમાં ફરીફરી અને ફીટીંગ વગર પણ પહેર્યાનો આનંદ છે. અહીં ઉત્તમ અને સર્વોત્તમ વચ્ચેની સ્પર્ધામાં જે પહેર્યું છે એનોય આનંદ નથી.

દરેકની નજર બીજા પર જ બીજાનાં વસ્ત્રો ઘરેણાં, પગરખાં મેઇકઅપ, આદિ પર જ છે ને પોતે પોતાના પર પસાર કરેલા સમય અને ખર્ચેલા નાણા એમને પળવારમાં નિરર્થક લાગે છે. વળી અહીં ફોટોગ્રાફમાં સચવાઈ રહેવાને કારણે પુનરાવર્તન પામેલાં વસ્ત્રો પણ હાસ્યાસ્પદ બનાવે છે. આમ છતાં પ્રસંગ પ્રમાણેનાં વસ્ત્રો પસંદ કરવા અને પહેરવા પાછળનો ઉત્સાહ તો અહીં પણ એવો જ છે.

વસ્ત્રોનું વૈવિધ્ય વધ્યું છે. દરેક વય જૂથ માટેનાં વસ્ત્રો છે. નવજાત શિશુના વસ્ત્રોની કિંમત પણ ચમકાવી દે છે. વયોવૃધ્ધ પણ વસ્ત્ર પસંદગી બાબતે સમાધાન કરવના મતના નથી. આ બે અંતિમો વચ્ચે તો અનંત વૈવિધ્યનો મહાસાગર છલકે છે. વસ્ત્રો પસંદ કરનારા એના ભાવની કાપલી ભાગ્યે જ વાંચે એવા સ્ટૉર પણ છલકાય છે.

લગ્ન પ્રસંગે પરણવા નીકળનારાને 'વરરાજા' કહે છે. વરની સાથે લાગતો આ 'રાજા' શબ્દ, એના જે તે દિવસ પૂરતા મહિલાને વ્યક્ત કરનારો હતો. પણ હવે તો એ સાચે જ 'રાજા' હોય તેમ તૈયાર થાય છે. એની વેશભૂષા કોઈક નાટક સિનેમાના રાજાના પાત્ર જેવી જ હોય છે. હેન્ગરમાં લટકતા આવા વસ્ત્રોને જોઈને ખરેખર વિચાર થાય કે આ કોણ પહરે? ને ત્યાં જ તમને એનોય ખરીદનાર દેખાય. જાણીતા સ્ટોરમાં આવા વસ્ત્રોની પસંદગી માટે મથતા વરરાજા અને એની સાથે આવેલી પસંદગી સમિતિને અવલોકવાંની મજા આવે એવું હોય છે. એક ને ગમે તે બીજા નાપાસ કરે. સુંદર વસ્ત્રની પસંદગી પાછળ ઘેલા બનનારા એ તો જોતા જ નથી કે આ વસ્ત્રો એને પહેરનાર પર કેવાં દેખાય છે! સાધારણ ઊંચાઈ, બેઠો ઘાટ, ધરાવતા યુવકો લાંબા રાજવી કોટ અને ધોતી ને માથે તૈયાર સાફો સાથે પગમાં રંગભર મોજડી પહેરીને અરીસા સામે મલકતા હોય! પરિવારજનો હરખાતા હોય... અને પસંદગીની મ્હોર એકડા પાછળ પાંચ મીંડાને અતિક્રમી ગઈ હોય! ને એ બધા પછીય દેખાવ તો...! વસ્ત્રો સુંદર હોવા તે એક વાત છે, ને એ વસ્ત્રોમાં વ્યક્તિત્ત્વ શોભવું એ સાવ જુદી જ બાબત છે. હેન્ગર પર ટીંગાડેલો કોટ, ખભા પર શોભવો તો જોઈએ ને! ક્યારેક થાય કે અરીસામાં પોતાને જોનારનેય સુંદરતાનું સત્ય નહિ સમજાતું હોય? સુંદરતાનું શાસ્ત્ર તો બહુ દૂરની વાત!!

આવી જ સ્થિતિ કન્યા સંદર્ભે પણ થાય છે. સ્ત્રીઓના વસ્ત્રોનું વૈવિધ્ય તો અપાર છે. પસંદગીના અઢળક વિકલ્પો ગૂંચવી નાખે તેવા છે અને તેમાંય અસલના સેલ્સમેનોનો માલ વેચવાનો કસબ તો કમાલ છે. સ્ત્રીઓને સાડી વેચનારા શોરૂમમાં પુરુષ સેલ્સમેનો પાસે વર્ષોનો અનુભવ આંજેલી આંખ છે. એ ગ્રાહકને જોઈને જ સમજી જાય છે કે એને શું ગમશે! આપુરુષો જે અદામાં પોતે સાડી પહેરીને કે શરીર પર મૂકીને બતાવે છે એ અદ્ભુત હોય છે. એક પુરુષ પર શોભતી સાડીમાંથી સ્ત્રી પોતાના પર શોભનારી સાડીની પસંદગી કરે છે.

યુવાનો ફેશનેબલ પણ સસ્તા પર પસંદગી ઉતારે છે. અહીં બ્રાન્ડ નેઇમના ધખારા નથી. અને ડુપ્લીકેટ સામે કોઈ નારાજગીય નથી. પણ, પ્રસંગને અનુરૂપ કપડાં પહેરાવાનું સૌને ગમે છે

વસ્ત્રોના રંગ એ એની વિશેષતા છે અને આ રંગ કોને કેટલા શોભશે એની સમજ હોવી બહુ અગત્યનું છે, વળી જે વસ્ત્રો, સ્ટાન્ડર્ડ માપ પ્રમાણે તૈયાર થયેલાં પૂતળાં પર દીપી ઊઠે તે આપણને ય એવા જ શોભશે કે કેમ એની પરખ પણ આવશ્યક છે. પરદા પરના પાત્રોને ઓપતા વસ્ત્રો પરદા બહાર હરતા ફરતા કેવા વરવા લાગે એનોય વિવેક જરુરી છે, શરીર સૌષ્ઠવના પ્રશ્નો પણ ઓછા મહત્ત્વનાં નથી. ને છતાંય મોહભંગ થયાવગર આવાં વસ્ત્રો ખરીદનારા હોય જ છે!

સ્ત્રી વર્ગની આવી ખરીદી સમયે સાથે આવેલા કે લાવેલા પુરુષોને આગ્રહપૂર્વક પીવડાવાતું કોલ્ડ્રીંક વાસ્તવમાં કેટલાંમાં પડે છે એ તો બિલ બને ત્યારે જ ખબર પડે છે. અત્યાર સુધી સાક્ષીભાવે જોતા અને પૂછાય ત્યારે માથું હલાવતા આ પુરુષો છેલ્લે હાથમાં થેલા લઈને પગથિયાં ઉતરતા હોય ત્યારે જોવા જેવા લાગે છે. લગ્નસરાની ખરીદીના આ બજારમાં NRI અલગ જ તરી આવે છે. સ્થાનિકો કરતાંય વધુ ભાવતાલ કરતા અને ડોલર રૂપિયાની ગણતરી કરતા જોવા મળે છે.

વસ્ત્ર કરતાં ચારિત્ર્ય વધુ બળવાન છે એવું માનવા અને જાણવા છતાં, ચારિત્ર્યને ઢાંકી શકવા ની વસ્ત્રની ક્ષમતા પુરવાર થઈ ગયા પછી પણ ભૂલ કરે એણે ઘરેના પાસેથી જ સાંભળવું પડે, એક બે ને સાડાત્રણ!

પ્રેમ સ્વયં પ્રાર્થના છે

રજનીશજીની વાતોમાં, વાર્તાલાપોમાં, આપણા પ્રાચીન ઋષિ-મુનિઓના પડઘા સાંભળી શકાય. તેઓ તત્વને ગૂંચવતા નથી, બલ્કે, લોકભોગ્ય શૈલીમાં, દ્રષ્ટાંત સાથે ઉઘાડી આપે છે. તેમ કરવા જતાં તે જીવાતા જીવને પણ જોડે છે. તેની કેટલીક સારી-ખોટી વાતો વિશે નુકતેચીની પણ કરે છે. એકવાર કોઈ જિજ્ઞાસુએ તેઓને દસ આજ્ઞા-આદેશો આપવા વિનંતી કરી. એ આખી વાત આમ તો રજનીશજીના વ્યક્તિત્વની જે વિચારધારાની વિરુધ્ધની હતી તેથી તેઓએ શરૂઆતમાં તેનો નકાર કર્યો અને જો આપવાની જ હોય તો 'મસ્તી-મજાકમાં તે વિશે હું આમ કહી શકું' તેવું તેમણે જણાવ્યું. આમ કહીને તેમણે હળવી રીતે જે આદેશો આપ્યા તે જીવનમાં ઘણબધી રીતે પ્રસ્તુત હોવાને કારણે જાણવા જેવા છે.

તેમણે પ્રશ્ન પૂછનારને 'પ્રિય' કહીને પહેલે જ ધડાકે એમ કહ્યું કે કોઇ આદેશ-આજ્ઞા તો ભીતરમાંથી આવે છે. ખુદની ચેતનામાંથી તે જન્મે છે. તાબે થવું હોય તો ભીતરના અવાજને થાવ, ભીતરમાંથી ઊઠતા રણકાને સાંભળો, ભીતરમાંથી ઊઠતા એ રણકાનો અર્થ સમજવા કોશિશ કરો. ભીતરમાં જ સાતસમંદર પડ્યા છે.

તેમણે પેલા 'પ્રિય'ને બીજો આદેશ આપતાં કહ્યું, જિંદગી પોતે જ પ્રભુ છે. તેનાથી બીજો મોટો કોઇ ઈશ્વર નથી. રજનીશજીએ અહીં સીધી રીતે જીવનના મૂલ્યનો, તેની મહત્તાનો સ્વીકાર કર્યો છે. તેમણે જીવનને ઈશ્વર લેખ્યું છે. જીવન જેવી પવિત્ર વસ્તુ અન્ય કોઇ નથી.

આગળનો આદેશ કરતાં તેમણે કહ્યું કે 'સત્ય' ભીતરમાં વસેલું છે. તમે એને બીજે ક્યાંય શોધો નહિ. જપ-તપ-માળા, વિધિવિધાનો ની પળોજણમાં ક્યાંય પણ સત્ય નથી. રજનીશજીએ અહીં પણ બાહ્ય વિધિવિધાનોમાં સત્યને શોધતા માણસોને ચોખ્ખું સંભળાવી દીધું છે કે ખોજીઓએ તો ભીતરમાં એની શોધ કરવાની છે. સાચો ખોજી હમેશાં આત્મસ્થ હોય છે સાથે તેની તે અંગેની યાત્રા પણ ભીતરની જ હોય છે.

રજનીશજીએ પેલા પ્રિયપાત્રને આગળ જણાવતાં કહ્યું કે- પ્રેમ જ પ્રાર્થના છે. આપણે ઊંચા અવાજે કે નીચા-ધીમા અવાજે પ્રાર્થનાઓ કરીએ છીએ પણ તેમાં પ્રાણ ક્યાં હોય છે? પ્રાર્થના રાગડા તાણી ગાવાની નથી, તેમ ઈશ્વર પાસે કશું માગવા માટેની તે યુક્તિ પણ બનવી ન જોઇએ. પરિપૂર્ણ પ્રેમ સ્વયં પ્રાર્થના છે. તેમાં અનપેક્ષભાવ ભળેલો છે, હૃદયનું તેમાં પૂરેપૂરું સમર્પણ છે. તેમાં નિખાલસતા છે, આરત છે, પ્રિયતત્વ સાથેની